જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૯/૨૦૧૭ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૮૧૧/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૩૫ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૧૩૫ લીટર દેશી દારૂ, ૫૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૩ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી,૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧,૬૭૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૧૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**મૃતહાલતમાં નવજાત શીશુ મળી આવ્યુ :- સમાચાર યાદી નં.૧૮૧૩/૧૭**

રીવરફ્રન્ટ વેસ્ટ : તા.૭/૯/૧૭ બપોરનાં ૨/૫૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે શેઠ વા.સા.હોસ્પીટલ પાછળ રિવરફ્રંટ વોક-વે ઘાટ નંબર-૦૯ પાસે કોઇ અજાણી સ્ત્રી એ પોતાના બાળકના જન્મને છુપાવવાના બદઇરાદે એકાદ માસના મૃતશીશુને સાબરમતી નદીમાં ત્યજી દિધેલ હોઇ, રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અજાણી સ્ત્રી વિરૂધ્ધ ગુનો નોંધી, આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એ.ભગોરા ચલાવે છે.

**ઘરફોડ ચોરીઃ- સમાચાર યાદી નં.૧૮૧૪/૧૭**

**નિકોલ :** દિવાકરભાઇ ગયાપ્રસાદ પાન્ડે (રહે, શ્રીબંગ્લોઝ, કઠવાડા રોડ, હરીદર્શન ચોકડી પાસે, નવા નરોડા) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૯/૧૭ રાતનાં ૧૧/૦૦ થી તા.૭/૯/૧૭ સવારનાં ૬/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન રાજહંસ સિનેમાની સામે રિયલ પ્રેપરીકા રેસ્ટોરન્ટની અંદર પાછળના ભાગેથી સીડી વાટે રસોડાના ભાગની મચ્છરની જાળી તોડી કોઈ અજાણી વ્યક્તિ રેસ્ટોરન્ટમાં પ્રવેશ કરી, કાઉન્ટરનાં ખાનામા મુકેલ રોકડા રૂપીયા ૯૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.સી.છત્રાલીયા ચલાવે છે.

**ઇસનપુર :** હિતેશભાઈ મહેશભાઈ સોલંકી (રહે,ઓમશાંતી બંગ્લોઝ આદર્શ ફાર્મની સામે વટવા) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૮/૧૭ સાંજનાં ૬/૦૦ થી તા.૮/૮/૧૭ સવારનાં ૧૦/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન ઇસનપુર ઠાકોર વાસ ખાતે આવેલ પોતાની ગીતાજં લીએન્ટર પ્રાઈઝ નામની ઓફીસનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, સોની કંપનીનું લેપટોપ કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- અને લીનોવા કંપનીનું લેપટોપ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૦,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે.

**<u>સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૧૫/૧૭</u>**

**ખોખરા :** કાંતાબેન વા/ઓ કાંતીભાઇ પટણી (ઉ.વ.૫૫)(રહે,કાલીકાપાર્ક સોસાયટી, અનીલ સ્ટાર મીલની સામે હીરાપાડી રોડ શહેરકોટડા) તા.૬/૯/૧૭ રાતનાં ૯/૦૦ વાગ્યાના સુમારે ખોખરા ઝઘડીયા બ્રીજ ઉપરથી રીક્ષામાં બેસી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કાંતાબેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કાંતાબેન પટણીએ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.ચૌહાણ ચલાવે છે.

**<u>ટ્રેઇનની અડફેટે આવી જતાં મૃત્યુઃ</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૧૬/૧૭</u>**

**ચાંદખેડા :** મનોજ બદનસિંહ બઘેલ (રાજપુત) (ઉ.વ.૨૭)(રહે,જનતાનગર ચાંદખેડા) તા.૭/૯/૧૭ ના કલાક ૮/૨૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે જગતપુર ગોધરેજ ગાર્ડન સીટી પાછળનાં રેલ્વે ફાટક ટ્રેક પરથી પસાર થતા, ટ્રેનની અડફેટે આવી જતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુનિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો. શ્રી પ્રવિણભાઈ જયંતીભાઈ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૧૭/૧૭</u>**

**નરોડા :** મેઘાબેન ડો/ઓ વિનોદકુમાર શાહ (રહે.જયોતિ રેસીડેન્સી નવયુગ સ્કુલની બાજુમા નરોડા) એ ધોરણ-૧૨ માં નાપાસ થઇ હોઇ, ડીપ્રેશનમાં રહેતી હોય, તા.૭/૯/૧૭ નાં કલાક ૧૨/૩૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે બેડરૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભીખાભાઇ જીવાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.